# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PNG Connection

છેલ્લા સાત મહિનામાં રાજ્યના ઘરોમાં પાઇપ્ડ નેચરલ ગેસ- PNG જોડાણની  સંખ્યામાં પોણા બે લાખનો વધારો થયો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પ્રસિધ્ધ કરેલા આંકડા અનુસાર, 31 જુલાઇ, 2023 સુધીમાં, રાજ્યમાં ઘરેલુ PNG જોડાણની સંખ્યા 30 લાખ 78 હજાર હતી, જે 29 ફેબ્રુઆરી 2024નાં રોજ વધીને 32 લાખ 53 હજાર થઈ હતી.

આ ઉપલબ્ધિ અંગે ગુજરાતના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક અને વ્યાવસાયિક પીએનજી જોડાણમાં ગુજરાત દેશમાં પહેલા ક્રમે છે.

# CHANDIPURA VIRUS

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસના કેસ વધી રહ્યા છે, ત્યારે કેન્દ્ર સરકારની એક ટીમે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી. અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ 6 કેસ નોંધાયા છે, જેમાંથી ૩ બાળકોનાં મૃત્યુ થયા છે.

પૂણે સ્થિત રાષ્ટ્રીય વિષાણુ વિજ્ઞાન સંસ્થાનની ટીમે પહેલાં સાબરકાંઠા જિલ્લાની મુલાકાત કરી હતી, ત્યારબાદ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાનાં ગામોની મુલાકાત લીધી હતી. જે વિસ્તારોમાં ચાંદીપુરાના કેસ નોંધાયા હતા, ત્યાં રહેતા લોકોનાં તથા તેમનાં પશુઓના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા.

દિલ્હીથી નેશનલ સેન્ટર ફોર ડીસીઝ કન્ટ્રોલની ટીમે મહેસાણા જિલ્લાની મુલાકાત લીધી હતી. જીલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના પાંચ શંકાસ્પદ કેસ મળી આવ્યા છે, જેમાં જેમાં બે બાળકોના મૃત્યુ થયા છે. આ ટીમે

નાગલપુર. હરસુંદલ. ડાભલા જેવા ગામોમાં તપાસ કરી હતી અને પશુઓના સેમ્પલ લઈ ગાંધીનગર મોકલ્યા હતા.

# GUJ. VARSAD ALLOVER

રાજ્યના વરસાદથી અસરગ્રસ્ત જીલ્લાઓમાં પૂરના પાણી ઓસરવાનું શરૂ થતાં લોકોને રાહત મળી છે. જો કે, સુરત અને વડોદરા જીલ્લાના કેટલાક વિસ્તારો હજુ પણ પાણીમાં છે. એનડીઆરએફની ટીમે આજે સવારે વડોદરા જીલ્લાના વડસર ગામમાં પાણીમાં ફસાયેલા 16 જેટલા લોકોને બચાવી લીધા છે.

દરમિયાન, ઉધના- નંદૂરબાર સેક્શનમાં રેલવેના પાટા પર પાણી ફરી વળતાં અમદાવાદ મંડળથી પસાર થતી સાત જેટલી ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી છે. તેમાં, અમદાવાદ-હાવડા, અમદાવાદ- પુરી, અમદાવાદ-બરૌની ટ્રેન, વડોદરા- રતલામ- સંત હિરદારમ નગર વૈકલ્પિક માર્ગથી દોડશે. અમદાવાદ ચેન્નાઇ નવજીવન એક્સપ્રેસ ભુસાવળ, ખંડવા માર્ગે દોડશે.

દરમિયાન આજે સવારથી રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું છે. સવારે 12 વાગ્યા સુધીમાં રાજ્યના 44 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ તાપી જીલ્લાના ઉચ્છલમાં બે ઇંચ જ્યારે કુકરમુંડા, નિઝર, સોનગઢમાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

અમારા પ્રતિનિધી નિરવ કંસારાના જણાવ્યા મુજબ, વરસાદના લીધે વાલ્મિકી નદીમાં ઘોડાપૂર આવતાં વાલોડ તાલુકાના અનેક ગામોમાં પાણી ભરાયા છે. દરમિયાન ઉપરવાસમાં તાપી જીલ્લામાં થયેલા વરસાદને પગલે પૂર્ણા નદીમાં જળસ્તર વધ્યું છે. જેના લીધે સુરત જીલ્લાના મહુવા તાલુકામાં રાજ્ય ધોરીમાર્ગ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ખોરવાયો છે. સુરત શહેરમાં વરસાદનું જોર ઘટ્યું છે, તેમ છતાં ખાડી કિનારાના વિસ્તારો છેલ્લા છ

દિવસથી પાણીમાં ગરકાવ થયા છે. લિંબાયત, પર્વત પાટિયા, કુંભાલ સહિતના વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયા છે.

નવસારી જીલ્લામાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે નવસારીમાં વહેતી પૂર્ણા નદીએ ભયજનક સપાટી વટાવી દીધી છે.

અમારા પ્રતિનિધી અશોક પટેલના જણાવ્યા અનુસાર, નવસારી શહેરના, દશેરા ટેકરી, આદર્શનગર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. સુપા તરફ જતો પૂલ પણ વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે.

દરમિયાન, હવામાન વિભાગે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના સ્થળોએ આજે ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરી છે જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગમાં અમુક સ્થળોએ તેમજ દાદરાનગર હવેલી અને દમણમાં ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ અપાયું છે.

# GUJ. CHOMASU

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તાપીના ડોલવણ તાલુકામાં સૌથી વધુ ૭ ઇંચ, ડાંગના સુબીર તાલુકામાં ૬ ઇંચ અને નવસારીના નવસારી તાલુકામાં ૬ ઇંચ વરસાદ નોંધાયો છે.

સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ 54 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૭૫ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૩ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૬ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૨૯ અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૩૩ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે.

# CM- EK PED MAN KE NAM ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના કોબા ખાતે એક પેડ માં કે નામ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં અંદાજે 1500 જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર, મેયર, ધારાસભ્યો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા..

# LION DEATH- ACTION PLAN

રેલવે ટ્રેક પર સિંહોના વધતા જતાં અકસ્માતને ધ્યાનમાં લઈને વન વિભાગ પ્રથમ વખત સિંહના સંરક્ષણ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટનો ઉપયોગ કરશે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા વન વિભાગને કરેલી તાકીદને પગલે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પણ તૈયાર કરવામાં આવી છે.

વન વિભાગ અને રેલવે દ્વારા રેન્જ લેવલ, ડિવિઝનલ લેવલ અને સર્કલ લેવલ કમિટી તૈયાર કરવામાં આવી છે. રેલ્વે ટ્રેકની આજુબાજુમાં જ્યાં અકસ્માતો થયા છે તેવી જગ્યાઓ નક્કી કરવામાં આવી છે. આ જગ્યાએથી ટ્રેન પસાર થાય ત્યારે ઝડપમાં ઘટાડો કરવામાં આવશે.

આ ઉપરાંત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ એટલે કે એઆઈ નો ઉપયોગ કરવામાં આવશે જેના માટેના ટ્રેન્ડરની પ્રક્રિયા ચાલુ છે એમ મુખ્ય વન સંરક્ષક આરાધના સાહુએ જણાવ્યું હતું. એઆઈના ઉપયોગથી સિંહ જ્યારે રેલવે ટ્રેકની આજુબાજુમાં આવશે ત્યારે કન્ટ્રોલ રૂમ, રેલ્વે મિત્રો અને ટ્રેકર્સને એલર્ટ મળશે જેથી તેઓ સાવચેત થઈને સિંહોને ત્યાંથી દુર કરવાની કામગીરી કરશે.